સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

અર્થતંત્રને સુધારવા સોનાથી અળગા રહો!
અને અન્ન બચાવવા એક વરસ ભૂખ્યા રહો!
જોતા રહો કોલસાને ટૂજીની ખાયકી અમારી -
પેટ્રોલનાં વાહન છોડી પગે ભટકતા રહો!
(ચિદંબરની ચિમકી)

'વડા પદ'ના
પ્રથમ કોળિયે જ
નીતિશ માખી!

ખીલ્યું કમળ
કંકાસના કાદવે
ત્રીજો મોર્ચાનું..

ચિંતન

લાંગૂલચાલન મધશ્ચરણપાતં ભૂમૌ નિપત્ય વદનોદર દર્શનં ચ ।
શ્વા પિંડદસ્ય કુરૂતે ગજપુંગવસ્તુ ધીરં વિલોકયતિ ચાટુશતૈશ્ચ ભુંકક્તે ॥

ભર્તૃહરિના નીતિશતકનો આ શ્લોક અધીરા અને ધીરજવાન વચ્ચેનો તફાવત સમજાવે છે.

'કૂતરો ખાવાનું આપનારની આગળ પગ લંબાવી પૂંછડી પટપટાવે છે, નીચે પગમાં પડે છે, અને વળી જમીન પર આળોટીને મુખ તથા પેટ બતાવે છે, આ ભૂખ્યા-ખાવા માટે અધીરના લક્ષણ છે.

જ્યારે ગજરાજ-હાથી જેવા ધૈર્યવાન ખાવાનું આપનારની સામે ધીરજપૂર્વક એકીટસે જોયા કરે છે, એને કેટલીય વાર પૂચકારા સાથે પ્રિયવચન કહેવામાં આવે ત્યારે જ (માનપૂર્વક) ખાવાની શરૂઆત કરે છે.'

અધીર અને ભૂખથી અસંતુષ્ટ પ્રાણી હોય કે માનવ કર્મચારી પૈસા-ભૂખ માટે માન-સ્વમાન ગૂમાવીને પણ 'ખાવા' નું આપનારના પગ ચાટે એની પાસે ઉંઘો પડી - આળોટીને પોતાનું ગૌરવ ગૂમાવે છે.

જ્યારે સ્વમાનીને ભૂખની પડી હોતી નથી. ખાવાનું પડ્યું હોય, આપનાર એને સન્માન પૂર્વક સામે, વિનંતી-આજિજી કરે પછી જ તે તેનો સ્વીકાર કરે આ ગજરાજનું ગુમાન-સ્વમાન છે.

માણસે 'પેટ' માટે કરીને પોતાનાં માન-મર્યાદા સ્વમાનને ગુમાવવાં ન જોઇએ.

સુવિચાર

- **સમાધાન કરવા તૈયાર હોય તેવા લોકો ક્યારેય બળવો કરી શકતા નથી** **- જ્ઞરાયેલી કહેવત**
- **આપણી સૌથી મોટી કરૂણતા એ છે કે એકલા હોઇએ ત્યારે પણ આપણે આપણી સાથે નથી હોતા** **- બેજાન દારૂવાલા**
- **વિશ્વાસ માટે કોઇ સંગીન આધાર હોવો જોઇએ અન્યથા તે ફક્ત અંધવિશ્વાસ હોય છે** **- સાધ્વી ઋતુંભરા**
- **ફના ત્યારે જ થઇ જવું જોઇએ જ્યારે તમારી ફનાગીરીની કોઇને કદર હોય** **- કવિ દુલા ભાયા કાગ**
- **સંબંધમાં ફૂંક માટે બધુ જ કરો પણ જ્યારે તાપ લાગવા લાગે ત્યારે રેતી જાવ** **- દોલ્સરોય**
- **ભાગ્યે જ કશું ખાનગી રહે છે, છતાં માણસો ખાનગી ખાનગીની રમત રમતા રહે છે** **- ક્રાંતિ ભટ્ટ**
- **ધીરજથી દુર્બળને પણ શક્તિ પ્રાપ્ત થાય છે** **- કોલ્ટન**

બોધ કથા

સર્જનનો સીધો સંબંધ-વાચન અને ચિંતન સાથે છે મનન અને વિચાર કરવાથી સર્જકને લેખન માટેની પાંખો ફૂટે છે વાચન એ વિચારનું જન્મસ્થાન છે માટે જ કલ્પનાના વિકાસ માટે પુસ્તક અને પુસ્તકાલયનું મહત્ત્વ છે. આજે મોબાઇલે આપણાં બાળકોની વિચાર અને કલ્પનાશક્તિને ટેરવામાં કેદ કરી નાખી છે.

ન્યૂયોર્ક ટાઇમ્સમાં એક અંગ્રેજી ટેલિવિઝન સ્ક્રીપ્ટ રાઇટરનો ઇન્ટરવ્યુ છપાયો હતો - એક ટીવી સ્ક્રીપ્ટ લેખક દર અઠવાડિયે સાતેક હજારનો દરમાયો મેળવતા હતા. એની સ્ક્રીપ્ટને કારણે 'ધારાવાહી' ખૂબ ચાલતી હતી અને લોકોને જકડી રાખે દર હપ્તે 'હવે શું થશે?' ની ઉત્કંઠા લોકને રહેતી.

આવી ટીવી સ્ક્રીપ્ટે રાઇટરે પોતાની લેખનકળા વિશે, લોકોની પસંદ-નાપસંદ વિશે, પોતાના લખવાના મૂડ વિશે ઘણાં સવાલોનાં રસપ્રદ જવાબ આપ્યા.

અંતે મુલાકાત લેનારે પ્રશ્ન કર્યો. તમારા સંતાનો પણ તમારી સ્ક્રીપ્ટના ટીવી કાર્યક્રમ જોતાં હશે એમનો શું પ્રત્યાઘાત હોય છે?

લેખક મહાશયે કહ્યું, હું ઘરમાં ટીવી સેટ લાવ્યો નથી. ટીવી કલ્પનાનો વિકાસ થવા દેતું નથી મારાં સંતાન પુસ્તકો જ વાંચે એમ હું ઇચ્છું છું મેં ઘરમાં એમને 'પુસ્તકાલય' બનાવી આપ્યું છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

...બધું ભૂલી ઘરનાં કામ આટોપવા એ ઊભી થતી અને ઘરકામમાં મન પરોવતી પણ ઉદ્વિગ્ન મન ઝાલ્યું ન રહેતું, પતિના અમાનુષી વર્તાવ સામે મન અવારનવાર ઊકળી ઊઠતું!

સં-વેદના
- જય ગજ્જર

(ગતાંકથી આગળ...)

એના હરખની લાલજીને જરાકે પડી નહોતી. મોઢું ફેરવી એક ભજિયું મોઢામાં મૂક્યું અને તાડૂક્યો. 'ચાંડ આ તે કંઈ તેં ભજિયાં બનાવ્યાં છે! રસોડાનું બધું મીઠું ખાલી કર્યું લાગે છે!'

અને ભજિયાંની થાળી સામે ફેંકેલી.

એ દિવસે બહુ રડેલી.

'ગમે તેવો પણ મારો વર છે ને! મારા પર ગુસ્સો ન ઠાલવે તો બીજે ક્યાં જાય! પત્નીધર્મનો વિચારી કરી મન મનાવી લેતી.

એના લબડી ગયેલા ગાલ પહેલાં જેવા ભરાવદાર બને એ આશાએ એક દિવસ શીરો બનાવ્યો. 'આજ તો એમના મોઢે બે સારા શબ્દો સાંભળવાનો લાહવો મળશે! એમ વિચારી થાળીમાં હતો એટલો શીરો મૂકી સામે બેઠી.

પહેલાં કરતાં બમણો શીરો થાળીમાં જોઈ લાલજી તાડૂક્યો, 'આટલો બધો શીરો! હું કંઈ ભેંસ છું?' તમને શીરો બહુ ભાવે છે એટલે વધારે મૂક્યો છે. લેવાઈ ગયેલા શરી પર લાલાશ અને શક્તિ આવે એ આશાએ વધારે મૂક્યો છે! છતાં વધારે પડે રાખી મૂકજો. હું ખાઈશ!'

'દરેક સવાલનો તારી પાસે જવાબ હોય છે જ! બહુ ડાહી અને ચબાવલી ના થા! કહી ગુસ્સો ઠાલવ્યો.

લાલજી મા દીકરાનું વર્તન સહી ન શક્તી, પણ શાંત રહેવામાં ડહાપણ માનતી .આજ વહુનું મન શાંત રાખવા એની મા વચ્ચે બોલી. 'દીકરા તારી વહુ દેવી છે દેવી! એ દેવીએ તારી માંદગી વખતે રાત-દિવસ એક કરી ખડે પગે તારી સેવા કરી છે! તારું શરીર પહેલાં જેવું થાય એની એને ચિંતા છે. બીજું તો નથી કહેતી પણ એનો ઉપકાર માની જરા શાંત ચિત્તે વહાલ વરસાવ ને!'

'એમાં શું નવાઈ કરી છે! એક વહુ તરીકે ધર્મ બજાવ્યો છે! એનાં વખાણ કરી એને છાપરે ના ચઢાવતી!' અને એલફેલ બોલી એ ઘર બહાર નીકળી ગયો.

ચંપા મનોમન સાસુમાને વંદન કરી મેડી પર જઈ એક ખૂણામાં બેસી સાડલાને છેડે મોઢું છુપાવી આંસુ સારવા લાગી. રોજનો એ ક્રમ બની ગયો હતો. એ આંસુ રોકવા કલાકો સુધી કોઈ જ ન આવતું.

બધું ભૂલી ઘરનાં કામ આટોપવા એ ઊભી થતી અને ઘરકામમાં મન પરોવતી. પણ ઉદ્વિગ્ન મન ઝાલ્યું ન રહેતું. પતિના અમાનુષી વર્તાવ સામે મન અવારનવાર ઊકળી ઊઠતું!

'આ મારો વર નથી, ગયા જનમનો કોઈ વેરી લાગે છે! હું ન ગમતી હોઉં તો પ્રેમ ન જાગે પણ એક પતિ તરીકે દયાનો ભાવ તો જાગે ને! મેં એના સુખ, એના આનંદ માટે શું નથી કર્યું? એના ચાબખાના ઘા પણ આ બરડે રડતા હૃદયે ઝીલ્યા છે! રોજ એને ખુશ રાખવા જાતને ઘસી નાખી છે! એનું પડખું સેવી કમને પણ શ્યા સુખી આપી એનાં તનમનને તૃપ્ત કરવામાં પાછી પાની નથી કરી અને બદલામાં વહાલના બે શબ્દો મુખેથી નથી કાઢ્યા! આ નરાધમ સાથે જિંદગી વેડફી દેવાનો શો અર્થ? મૂઓ ભૂખે મરે કે રિબાઈ રિબાઈને મરે તોય મારે શું!'

અને જીવનથી તથા લાલજીથી છુટકારો મેળવવા આપઘાત કરવાના વિચારો આવી જતા. એ વખતે ગુજરાતી શીખવતાં પેલા કમળાબેનના શબ્દો એનામાં જીવવાની હિંમત રેડતા.

'સ્ત્રી માટે પતિ એ દેવ છે. પત્ની માટે એનો પતિ સર્વસ્વ છે. બહેરો, બોબડો, મૂગો, લૂલો, લંગડો, કાળો, ગોરો જેવો હોય તેવો; પણ એને પરણ્યા પછી એના દોષોનો વિચાર ન કરવાનો હોય. હા પરણતાં પહેલાં એના ગુણદોષો ચકાસવાં અને મન માને તો જ એ બંધન સ્વીકારો. મન ના પાડે તો હિંમતપૂર્વક એ સંબંધનો વિરોધ કરવો. પણ પરણ્યા પછી મન મનાવવા પ્રયાસ કરવો. સ્ત્રી માટે ત્યાગ અને બલિદાન એ જ શ્રેષ્ઠ તપ છે, પતિ પાછળ જિંદગીને હોમી દેવામાં જ સાચું નારીત્વ છે!' અને પ્રેમે બંધાયેલા પોતાના લગ્નસંબંધનો દાખલો આપી ઉમેરતાં, 'મેં બહું સમજપૂર્વક પ્રેમલગ્ન કર્યા હતાં. પાંચ વર્ષ મારા પતિ સાથે અનહદ પ્રેમ અને શય્યાસુખ માણ્યાં. પણ એક દિવસ અંબાજી દર્શન કરી પાછાં ફરતાં હતાં, દારૂ પીને બેફામ ટ્રક ચલાવતા એક ટ્રક ડ્રાઈવર અમારી કારને હાઈવે પર ટક્કર મારી ભાગી ગયો. એક અજાણી કારનો ભલો ડ્રાઈવર અમને હોસ્પિટલમાં લઈ ગયો. હું સદ્‌ભાગ્યે બચી ગઈ હતી. તાત્કાલિક સારવારને કારણે મારા પતિ બચી ગયા. પણ એક પગ અને એક હાથ ગુમાવી બેઠા. આજે લાકડીને સહારે ચાલે છે. બિચારા બહુ વલોપાત કરે છે. મને બીજે પરણી જવાની રોજ સલાહ આપે છે. ક્યા સુખ માટે મારી ફરજ ભૂલી એને છોડી દઉં.?' આંસુની ધાર સાથે એનું હૈયું ઠાલવતાં રહેલાં.

કમળાબહેનના છેલ્લા શબ્દો વાગોળતાં ચંપા પોતાની જાતને સવાલ કરીતી, 'શું મારે મારા પતિને છોડી દેવા' અને મનમાં ઉદ્‌ભવતા બધા જ કુવિચારોને ફગાવી એક સારા દિવસની આશાએ મનને પ્રફુલ્લિત રાખવા પ્રયાસ કરતી. પણ કડવા ચોથનો અનુભવ એના મનને શાંત ન કરી શક્યું. પતિના અમાનુષી વર્તન વિશે જે અનુભવ્યું તે વિચારતાં લાલજી પ્રત્યેનો એનો ઊંડો પ્રેમ, એનાં સુખદ સપનાં અને એની આશાઓની ઈમારત ધરતીકંપના એક આંચકા જેમ કકડભૂસ કરતી તૂટ ગઈ.

લાલજી સાથે અબોલ રાખી ઉદ્વિગ્ન મને એના ખેતરમાં ઘાસ કાપવા ગઈ. ભર બપોરે, ઉનાળાની આગ ઝરતી એ બપોરે એના ગામની રમા એને મળવા આવેલી.

ઘઉંના પાક વચ્ચે છુપાઈ બંનેએ શી વાતો કરી એ તો એ સાંભળી શકી નહોતી. પણ એને બાથમાં લઈ એના હોઠ ચૂમી લેતાં એ જોઈ ગઈ, એના ઊકળી રહેલા મન પર તેલ રેડાયું.

આંખ સામે પતિને બીજી સ્ત્રીને આલિંગનમાં લઈ પ્રેમ વર્ષાવતો જોઈ ચંપાની મનોભૂમિ પર અગન જવાળા ભભૂકી ઊઠી. એને ક્યાં ખબર હતી કે એ છેલ્લા રામરામ કરવા આવી હતી.

લાલજી પ્રત્યેનો એનો પ્રેમ, એનાં સુખદ સપનાં અને એની આશાઓના પળમાં જ ભુક્કેભક્કા થઈ જતાં એ માથે ઘાસનું પોટલું મૂકી. એની પાસે થઈને ઘેર જતી રહી પણ એને ખબર ન પડી.

લાલજી તો રમાના છેલ્લા શબ્દો વાગોળી રહ્યો હતો.

'લાલજી, આજ આપણી છેલ્લી મુલાકાત છે. મારા બાપુ કુટુંબ સાથે ગામ છોડી કાલ રાજસ્થાનના એમના ગામે જતા રહેવાના છે. હવે કદાચ કદી આપણી મુલાકાત નહિ થાય! મને ભૂલી જવા પ્રયત્ન કરજે. બધું ભૂલી તારી ચંપામાં મને જોજે. એના પર પ્રેમ વરસાવજે. તારી ખોટ નહિ ભુલાય. પણ તારા સુખમાં જ મને આનંદ દેખાશે. તને મનોભૂમિ પર સંઘરી તારી સ્મૃતિમાં ધન્યતા અનુભવીશ. ચંપામાં મન પરોવજે! એક સ્ત્રી જ એક સ્ત્રીની સંવેદના કે આર્તનાદ સમજી શકે! લાલજી જીવ્યા મર્યાના ઝાઝા જુહાર!' અને એને આલિંગનમાં લઈ પ્રેમની અમીવર્ષા વર્ષાવી સદાને માટે એનાથી દૂર ચાલી જતી જોઈ રહ્યો હતો.

એ અદૃશ્ય થતાં કામમાં મન ચોટ્યું. એના છેલ્લા શબ્દો વાગોળતો ચંપામાં મન પરોવવાના નિર્ણય સાથે ખેતરમાંથી ઘર ભણી નીકળ્યો.

રસ્તામાં સંતવાણી સાંભળતાં થંભી ગયો. સંતના શબ્દોએ ચંપાની સંવેદના સમજવામાં બળ ઉમેર્યું અને રમાના છેલ્લા વાક્ય 'બધું ભૂલી તમારી ચંપાને વહાલ કરી પ્રેમ વરસાવજે. એક સ્ત્રી જ એક સ્ત્રીની સંવેદના કે આર્તનાદ સમજી શકે! ને સંતવાણી સમજી એક પતિની ફરજ બજાવવા ઉત્સુક પગલે ઘેર પહોંચ્યો તો એના ઘરના દરવાજા અંદરથી બંધ હતા. બા-બાપુજી રામકથામાં ગયાં હતાં. પરસાળમાં ઘાસનો ટોપલો હતો.

કોઈ અશુભ વિચાર મનોભૂમિ પર ઝબૂકતાં એણે જોરથી બેચાર લાતો મારી તો વર્ષોજૂનો દરવાજો તૂટી ગયો.

આંખ સામે એણે જે જોયું તે જોતાં ચોકી ઊઠ્યો. ચંપા શરીર પર ઘાસેલટ છાંટી દીવાસળી સરગાવી બળી મરવા જતી હતી.

એણે દોડી જઈને, હાથમાંની દીવાસળી ઝૂંટવી લઈને ચંપાને બે બાહુમાં જકડી લીધી.

ચંપા તો પતિના આ અણધાર્યા પરિવર્તનથી ચોંકી ઊઠી.

વર્ષોની સંવેદનાનો પ્રતિકાર ઝીલતાં એના મુખમાંથી શબ્દો સરી પડ્યા, 'લાલા, હું સપનું જોઈ રહી છું કે આ સત્ય છે!'

'ક્યારેક સપનાં સાચાં પડે છે. હવે તને આવાં સપનાંનો રોજ અનુભવ થશે,' કહેતાં ચંપાની પકડ બે બાહુ વચ્ચે મજબૂત કરતો રહ્યો.

ચંપા આનંદોત્સવમાં ઘેલી બની પતિના પરિવર્તનનું રહસ્ય શોધવામથતી રહી.

તમે સફળ જીવન વિશે મહત્વપૂર્ણ ઉપયોગી ઉપાયો જાણવા માંગો છો તો તમારે આ વાંચવું જ જોઈએ

શબ્દ સમીપે
- નટવર હેડાઉ

જીવનમાં નિષ્ફળતા મળે એ કોઇને ગમતી નથી. અને ઘણી વખત લાખ પ્રયત્નો છતાં સફળતા હાથવેંત છેટી રહી જાય છે. ત્યારે માણસને લાગે છે કે આવું કેમ બન્યું? સફળતા મેળવવામાં હું ક્યાં ઉણો ઉતર્યો કે પછી સફળતા મેળવવા માટેનાં મારા જે પ્રયત્નો હતા તેમાં તેની દિસા ખોટી હતી. સફળ જીવન માટેનાં રહસ્યો ક્યાં?

આ અને આવા અનેક પ્રશ્નો આજકાલ દરેક માણસને તેની સંઘર્ષભરી જિંદગીમાં સતાવ્યા કરે છે. ત્યારે તે સફળ જીવનનાં રહસ્યોની ખોજમાં લાગી જાય છે. ઘણી વખત સારૂં વાંચન સફલ જીવનનમાં રહસ્યો ઉકેલી આપવામાં મદદરૂપ બને છે. આ વાત રાકેશ ગુપ્તાનું પુસ્તક સફળ જીવનનાં રહસ્યો વાંચતાં મને સારી લાગી તેથી તેની વાત આજે તમને કરવી છે.

એક મહાન વિચારકે કહ્યું હતું કે દુનિયામાં બધી જ કળાઓમાં શ્રેષ્ઠ કળા જીવન જીવવાની કળા છે. તે એક એવી કળા છે. જેમાં સિદ્ધિ હાંસલ કર્યા વિના વ્યક્તિ કોઇ પણ ક્ષેત્રમાં સફળતા પૂર્વક પગલું આગળ ભરી શકતી નથી. આ કળા બધી કળાઓમાં ચૌથી કઠીન છે. પણ વ્યક્તિ દઢ નિશ્ચય કરે તો તેને શીખી શકે છે. અને પોતાની આંતરીક શક્તિઓને જગાડી અભૂતપૂર્વ સફળતાઓ પ્રાપ્ત કરી શકે છે.

સફળ જીવનનાં રહસ્યો પુસ્તકમાંથી પસાર થતાં આપણે જોઇ શકીએ છીએ કે લેખકે તેમાં ૪૬ પ્રકરણોમાં જીવનમાં સફળતા મેળવવા માટેનાં રહસ્યો ખોલી આપવાની બહુ જ સારી કોશિશ કરી છે. તેમાં મુખ્યત્વે જોઇએ તો આ પ્રમાણે છે. જેમ કે નિષ્ફળતાથી ન ડરો, સમયની કિંમત સમજો, હકારાત્મક ચિંતનનો વિકાર કરો, પોતાનો માર્ગ જાતે બનાવો, આત્મ વિશ્વાસના ત્રણ પગલાં પોતાની ગુણોને જાતે જ ઓળખો, વિચાર કરવો એક કળા છે, સફળતાના માર્ગે, હિંમત ન હારો, પહેલેથી જ તૈયાર રહો, જીવનનાં મુખ્ય નિર્ણયો કેમ લેવા, હકારાત્મક વિચાર અને જીવન વ્યવસ્થા, આનંદમય જીવનનાં દસ સૂત્રો, દીર્ઘાયુ બનાવાનાં સૂત્રો ઉપર મેં લખ્યા છે તે થોડાંક પ્રકરણોનાં શિર્ષકો છે. જેમાં ઉપરથી તમે નક્કી કરી શકો કે પુસ્તકમાં કઇ બાબતો સમાવાઇ છે. બાકી જીવનની સફળતાનાં રહસ્યો ઉકેલવા તમારે પુસ્તક વાંચવું જ રહ્યું. મનો વિજ્ઞાનની એક શાખાનો અભિપ્રાય છે કે મનુષ્યના જીવનના શરૂઆતના ત્રણ વર્ષના અનુભવોના આધારે જ વ્યક્તિત્વનું નિર્માણ થતું હોય છે. તો બીજી શાખાનું કહેવું છે કે માણસ જન્મદત્ત ગુણોનો ગુલામ હોય છે. વળી ત્રીજી એક શાખા એમ પણ કહે છે કે માણસ પ્રતિક્રિયા વ્યક્ત કરનાર એક રોબોટ છે. જે સામાજિક અને આર્થિક જરૂરતોના આધારે યાંત્રિક રૂપે વ્યવહાર કરે છે. ચોથી એક શાખાનો અભિપ્રાય છે કે મનુષ્યનું વ્યક્તિત્વ આનુવંશિકતા અને વાતાવરણના આધારે નિર્ધારિત થાય છે. તેમાં કોઇ પરિવર્તન શક્ય નથી. પણ આધુનિક મનોવિજ્ઞાનીઓએ વિભિન્ન શોધોનાં આધારે પ્રમાણિત કરેલ છે તે વ્યક્તિમાં ઇચ્છિત પરિવર્તન સંભવ છે. 'કરત-કરત અભ્યાસ સે જડમતિ હોત સુજાત' એ રીતે કોઇ પણ વ્યક્તિમાં આમૂલ પરિવર્તન લાવી શકાય છે.

વ્યક્તિ નિર્માણનાં ત્રણ તત્વો મુખ્ય હોય છે. આનુવાંશિક ગુણ, માહોલ અને વ્યક્તિગત આચરણ. વ્યક્તિનું આનુવાંશિક ગુણ પર નિયંત્રણ નથી હોતું કે માહોલ ને તે નિયંત્રિત કરી શકતો નથી. પણ પોતાના આચરણમાં સુધારો કરીને તે જીવનનો સામનો જરૂરી કરી શકે છે. આ આચરણમાં સુધારો કઇ રીતે થઇ શકે તેની વિગતે ચર્ચા આ પુસ્તકમાં કરવામાં આવી છે. તેના દ્વારા આપણે સફળ જીવનનાં રહસ્યોને પામી શકીએ છીએ. તે માટે કેટલાક પ્રેરણાદાયક પ્રસંગો ક્યારેક માનવીનું જીવન બદલી નાખતા હોય છે. કેમ કે દઢ ઇચ્છાશક્તિ હોય તો સફળતા મેળવવામાં ક્યારેક મુશ્કેલી નડતી નથી. વિશ્વ પ્રસિદ્ધ એથલેટ ગ્લેન કર્નિંઘામ બાળપણમાં બનતી શાળાના મકાનમાં ફસાઇ ગયા હતા. અને ખુબ જ ખરાબ રીતે જખ્મી થઇ ગયા હતા. ડોકટરો એ તો જાહેર કરી દીધું હતું કે કર્નીંઘામ માટે ચાલવું કે ફરવું હવે શક્ય જ નહીં થાય. પણ કર્નીંઘામે ડોકટરોની આ ભવિષ્યવાળી ને ખોટી ઠરાવતાં અને પોતાની દૃઢ ઇચ્છાશક્તિનો પરિચય કરાવતાં ધીમે ધીમે ચાલવાનું શરૂ કર્યું. અને પછી તો દોડવાં જ લાગ્યાં. એક દિવસ તેમણે સ્પર્ધામાં ભાગ લઇ આગળના બધા જ રેકોર્ડોને તેડી નાખ્યાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

'મા' એ લખવા અને વાંચવાના વિષય કરતાં અનુભવવાની અને એનું મમત્વ માણીને ધન્ય થઇ જવાની વિશેષ અનુભૂતિ છે

હું રસ્તે રઝળતી વારતા
- અચના પટેલ

દુનિયામાં આજે જો કોઇનો પ્રેમ નિઃસ્વાર્થ હોય તો એ છે માતાનો પ્રેમ. એક માતાનો પ્રેમ જેટલો ઊંડો અને સાચો હોય છે. તેટલો કોઇનો નથી હોતો. મા ગમે તે પરિસ્થિતિમાં પણ એક 'મા' જ રહે છે. બાળકોને જયાં સુધી મમ્મી ઘરમાં હોય ત્યાં સુધી કોઇ વાતની ચિંતા કે બીક નથી હોતી. એક મા પોતાના બાળકને સમજે છેએ કદાચ એક પિતા પણ નથી સમજી શકતા.

આ 'મા' અને તેથી મમતાની મહાનતા પર ઘણું બધું લખાતું આવ્યું છે, પણ 'મા' એ લખવા અને વાંચવાના વિષય કરતાં અનુભવવાની અને એનું મમત્વ માણીને ધન્ય થઇ જવાની વિશેષ અનુભૂતિ છે.

'મા' છે તો સંસાર મધુરો છે. 'મા' વિના જગતના સુખો અધુરા છે. સંસાર મોળો છે. આજે મોટા થઇ સ્માર્ટ બની જતાં સંતાનો જાતે જ પોતાની દુનિયામાં ખોવાઇ જાય છે. માની આંગળી છોડી, તેનો હૂંફભર્યો પાલવ છોડી, માને ખોઇ નાખવા ઉતાવતાં બને છે. ખાસ તો દિકરાઓ માતાની મહત્તા કરવાના સ્થાને તેની ઉપેક્ષા કરતા જોવાય છે.

આપણે પોતે જેનો અંશ છીએ તેનું ઋણ કેવી રીતે ચુકવીએ? ઋણ ચુકવવાની કલ્પના માત્ર પણ ધૃષ્ટતા કહેવાશે. કેટલા અને કેવા કેવા આભાર છે તેનો આપણી પર કેવી રીતે તેને ચુકવી શકીશું? તમને પૃથ્વી પર લાવવા માટે કેટલી વેદનાથી તડપી રહી હતી. તેનું કે ઋણ ચુકવશો કે અમૃતની બુંદોનું જેનાથી તમારી કોમળતાને પોષિત કરી તેનું?

બસ, 'મા' ને એક પ્રોમિસ જરૂર આપજો કે તમે કદી તેના સંસ્કારોનું અપમાન નહીં કરો, કદી તેનો વિશ્વાસ નહીં તોડો, બસ મા તમારી માટે અડધી અડધી થઇ જશે. અને મનોમન તમારી જેવા સંતાન મળ્યા બદલ મનોમન ગર્વ અનુભવશે.

મહાકવિ રવીન્દ્રનાથે 'વધુ' નામે કાવ્યમાં સાસરે ગયેલી દિકરી માતાને કેવી રીતે યાદ કરે છે તે સુંદર રીતે વર્ણવ્યું છે.

ગામડાની કન્યા પરણીને શહેરમાં આવી છે જે, માતાને યાદ કરતાં કહે છે.

'મારી આંખોનાં આંસુ કોઇ સમજતું નથી. બધાં કહે છે કે, ગામડાની છોકરીઓનો સ્વભાવ જ એવો! કોઇ આવીને મારૂં મ્હોં જુએ છે, તો કોઇ વાન જુએ છે. કોઇ સારૂં કહે છે તો કોઇ ખોટું કહે છે, જાણે હું ફૂલોની માળા વેચવા આવી હોઉં. બધા પરખ કરે છે, કોઇ વ્હાલ કરતું નથી. ઘણા બધા છે પણ હું એકલી છું. દિવસ કેમે પૂરો થતો નથી. ઇંટ પર ઇંટ છે અને માંય મનુષ્ય કીટ છે - નથી પ્રેમ નથી, નથી ખેલકૂદ!'

કયાં છે, ઓ મા તું કયાં છે! ઓ મારે, મને કેવી રીતે ભૂલી ગઇ! ચાંદો ઉગે ત્યારે અગાશીમાં બેસી તું મને કેવી કેવી વાર્તાઓ કહેતી, હવે નહિ કહે! મને ખબર છે, મા, તું પથારીમાં આખી રાત જાગતી હશે, અને સવારે ફૂલ વીણી શિવમંદિરે જઇ દીકરીનું કલ્યાણ માગતી હશે.

'માતા' એટલે ઇશ્વરનું ઐશ્વર્ય, ઇશ્વરનું બીજું સ્વરૂપ. માતા એ યાત્રાનું પ્રથમ સોપાન, પ્રથમ તીર્થ છે. તેથી માતા મહાતીર્થ છે. જગતભરમાં કવિઓ, દ્રષ્ટાઓ, મનીષીઓએ માતાના મહિમાનું ગાન કર્યું છે.

હવે 'મા' શબ્દના ચમત્કાર વિશેની વાર્તા જોઇએ.

એક વાર ઇસુ પાસે એક ભક્ત આવ્યો. આવતાંવેંત ઇસુનાં પગ પકડી લીધા.

'ભગવાન, તમારા ચહેરા પર શાંતિ છે એ મને આપો.'

ઇસુએ હસીને કહ્યું : 'લઇ લે.'

પેલો ભક્ત મૂંઝાઇને જોઇ રહ્યો, 'એમ નહીં, તમે મને એ શાંતિ આપો.'

ઇસુના ચહેરા પર એ જ સ્મિત હતું. તેમણે ફરી કહ્યું : જો આ મારો ઝભ્ભો, આ મારૂં પાત્ર, તારે જે જોઇતું હોય તે લે. તને મારા ચહેરાની શાંતિ દેખાતી હોય તો એ પણ લઇ લે. મારે શું કરવી છે એને? તમે એ જયાં દેખાય ત્યાંતી લઇ લે. હું ના નહીં પાડું.

'ભગવાન, મને મૂંઝવો નહીં. હું આ ગામનો સૌથી શ્રીમંત માણસ છું. તમે કહેશો એ આપીશ. મારો બધો ખજાનો આપી દઇશ. મને લેતાં આવડે એ તો છીનવી શકતો નથી. એ તો તમારે જ આપવી પડશે. તમે કહો એ કિંમત આપીશ.'

'તારી પાસે આટલા બધા પૈસા છે?'

'હા.'

'તો એક કામ કર.'

'આજ્ઞા કરો.'

'તારી માને લઇને આવ.', 'મારી મા તો મૃત્યુ પામી છે.'

'એથી શું થયું? તું તો ધનિક છે. તું પૈસા આપીને ખરીદી શકે છે. શાંતિ ખરીદવા નીકળ્યો છે તો એક મા નહીં ખરીદી શકે?'

'હા,એય ખરૂં.' પેલા ધનિકે વિચાર્યું એ એક વૃદ્ધા પાસે ગયો : 'માજી, તમે માગો એટલા પૈસા આપું, તમે મારી મા બનો.'

'બેટા, તું આ ગરીબ ડોસીને પૈસા આપીશ તો તારી ચાકરી કરીશ, તારો ખ્યાલ રાખીશ. મને જે આવડે, એ રાંધી દઇશ. હા, મા કરે એ બધું જ કરીશ.'

ધનિક તો વૃદ્ધાને લઇ ઇસુ પાસે આવ્યો. લ્યો, આ મા લઇ આવ્યો.

વાહ! કેટલામાં ખરીદી?

હજી એને પૈસા આપવાનાં બાકી છે, પણ મારૂં ધ્યાન રાખશે. હું કહીશ ત્યારે મને વહાલ પણ કરશે.

ભાઇ, તે પૈસા આપીને આ વૃદ્ધા માટે દીકરો ખરીદ્યો છે કારણ કે એ તારૂં ધ્યાન રાખશે. પણ તારા માટેની મા બહારની કઇ રીતે આવશે?

પેલા ધનિકને સમજ ન પડી. ભગવાન તમે કહો એ કરવા આ વૃદ્ધાને સમજાવીશ. એને હું મા કહીશ. એ મને દીકરો કહેશે. પછી શું?

'ભાઇ, તમે સમજ ન પડી. એ તને દીકરો કહેશે તો કદાચ એની નજરમાં સાચોસાચ દીકરો દેખાશે. પણ તું જયારે એને મા કહીશ, ત્યારે તેં પૈસા આપીને ખરીદેલી જણસ જ દેખાશે. તારી આંખ માને નહીં જુએ. તારી આંખ તારી સંપત્તિનો પડઘો જોયા કરશે. એ શક્ય છે કે આ વૃદ્ધાને દીકરો મળે. પણ તને મા કઇ રીતે મળશે? મા કંઇ વેચાતી મળતી નથી. આ સ્ત્રીમાં છે, પણ તારા પૈસાના અહંકારને કારણે તું કેવળ એને ખરીદી શકાય એવી ચીજ માને છે. આ તો કેવળ મા હોય છે.'

પેલો ધનિક ઇસુ સામે જોઇ રહ્યો. ઇસુએ પેલી વૃદ્ધાને કહ્યું. 'મા, આ માણસ તો સાવ કંગાળ છે. એ તો જુઠું બોલીને તને અહીં લઇ આવ્યો છે. એ તને ફૂટી કોડીયે આપી શકે તેમ નથી. તું એની મા થઇને શું કરીશ? કંઇ નહીં બેટા. એણે મને પૈસા આપવાનું કહ્યું. હું એની ચાકરી કરીશ.' એનું ધ્યાન રાખીશ. મને અનાથને આ કહેનારૂં કોણ છે? દીકરો માત્ર પૈસા ન આપી શકે એટલા માટે એક વાર એને દીકરો કીધા પછી તેનાથી મોં ફેરવી લઉં? ચાલ બેટા, હું બે ઘેર વાસણ માંજીને કમાઇ લાવીશ અને તને રોટલા ભેગો કરીશ.

(અનુસંધાન પાના નં. ૬ પર)